॥ શ્રી દ્વારકેશો જયતિ ॥
॥ શ્રીવાક્પતયે નમઃ ॥

પુષ્ટિ પરિચય શ્રેણી
પુષ્પ - ૬

જીવન - પુષ્ટિમાર્ગીય દષ્ટિકોણ

લેખક
પ્રા. રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશક
શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
'વૈષ્ણવ પરિવાર સદન'
૩૨, શિવ સોસાયટી; વિભાગ-૨, બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા-૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦,
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com
visit us at www.vaishnavparivar.org

Jeevan - Pushtimargiya Drushtikon
by Prof. Rameshbhai V. Parikh

© શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૯ ● દ્વિતીય આવૃત્તિ : ૨૦૦૧
તૃતીય આવૃત્તિ : ૨૦૦૭ ● ચતુર્થ આવૃત્તિ : ૨૦૧૨

: પ્રાપ્તિસ્થાન :
શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
(રૂબરૂ અને પોસ્ટથી)
૩૨, શિવ સોસાયટી વિભાગ - ૨, બી. કે. સિનેમાની બાજુમાં,
મહેસાણા-૩૮૪ ૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
●
શ્રી વિજયભાઈ એમ. દેસાઈ
(ફક્ત રૂબરૂમાં - સવારે ૧૧ થી સાંજે ૫)
કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લા માળે,
૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.
ફોન : (૦૨૨) ૨૨૦૧૦૦૮૪, ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮

પુસ્તક પ્રકાશન સહાય : રૂા. ૫/-

મુદ્રક
પુષ્ટિ પ્રિન્ટ્સ
C1/૬૩, જી.આઇ.ડી.સી., ફેઝ-૨, દેદિયાસણ, મહેસાણા.
ફોન : (૦૨૭૬૨) ૨૨૪૨૦૪

જીવન - પુષ્ટિમાર્ગીય દૃષ્ટિકોણ

૧. માનવ

- જેનામાં વિચારવા માટે મન છે, સાચા-ખોટાનો નિર્ણય કરવા માટે બુદ્ધિ છે અને સદ્‌બુદ્ધિથી કાર્ય કરવાની શક્તિ છે, તે માનવ.
- ધર્મના માર્ગે ચાલનાર અને ધર્મનું શાસ્ત્ર રચનાર બ્રહ્માના પુત્ર રાજર્ષિ મનુનો વંશજ, તે મનુષ્ય.
- વંશપરંપરાના ગુણદોષ વારસામાં આવે. રાજર્ષિ મનુનો ધર્મગુણ જેને વારસામાં મળ્યો છે અને તેથી જ જે ધર્મમાર્ગે ચાલે છે, તે માનવ.
- જે શરીર અને આત્માને અલગ અલગ માને છે, તે માનવ.
- જે આત્માના કલ્યાણ (ઉદ્ધાર) માટે શરીરને સાધન માને છે, તે માનવ.
- જે પોતાને, પરમાત્માના સત્ અને ચિત્ ધર્મવાળો પરમાત્માનો અંશ સમજે છે, તે માનવ.
- જે જગતને પરમાત્માનું સ્વરૂપ સમજે છે, તે માનવ.
- જે સૌનું કલ્યાણ કરે, તે માનવ.

આપણે આવા માનવ બનીએ.

૨. દાનવ

- જે કેવળ પોતાના સ્વાર્થ-સુખનો જ વિચાર કરે છે, તે દાનવ.
- જે પોતાના શરીર અને ઇન્દ્રિયોના સુખ માટે જીવે છે, તે દાનવ.
- જે પોતાના સ્વાર્થ-સુખ માટે અધર્મ આચરે છે, તે દાનવ.
- જે બીજાઓને ત્રાસ આપે, કનડે, હિંસા કરે, તે દાનવ.
- જે શરીરને જ આત્મા માને છે, તે દાનવ.
- જે શાસ્ત્રોએ બતાવેલા ધર્મના માર્ગે ચાલતો નથી, તે દાનવ.
- જે પરમાત્મા અને તેમની સત્તાનો સ્વીકાર કરતો નથી, તે દાનવ.
- જે અહંકાર અને અભિમાનમાં રાચે છે, તે દાનવ.

  આપણે આવા દાનવ તો નથી ને?

૩. માનવજીવન

- જે જીવનમાં દયા, સત્ય, તપ અને પ્રેમ હોય, તે માનવજીવન.
- જે જીવનમાં નીચેનાં દસ લક્ષણો હોય , તે માનવજીવન.

  (૧) પ્રામાણિકતા (૨) મનનો સંયમ (૩) શરીરનો સંયમ (૪) પવિત્રતા (૫) વિદ્યા (આત્મજ્ઞાન) (૬) પરોપકાર (૭) સદાચાર (૮) વિનય-વિવેક (૯) ધર્માચરણ (૧૦) ઉચ્ચ ચારિત્ર્ય.
- માનવજીવનના મુખ્ય પાંચ હેતુ :

  (૧) સર્વ દુઃખોમાંથી છૂટકારો મેળવવો (૨) પૂર્ણ આનંદ પ્રાપ્ત કરવો (૩) સર્વ કંઇ જાણવું (૪) અમર બનવું (૫) ભગવાનને પામવા.

- આ પાંચ હેતુઓ સિદ્ધ કરવા ધર્મનું સાધન અથવા માધ્યમ ઉપયોગમાં લઈ જીવવું, તે માનવજીવન.

  આપણું જીવન આવું છે?

૪. દાનવ જીવન

- આહાર, ભય, નિદ્રા અને મૈથુન (કામભોગ) સિવાય જે જીવનમાં બીજું કંઇ જ ન હોય, તે દાનવજીવન.
- નિર્દયતા, અસત્ય, અસંયમ (યથેચ્છ ભોગવિલાસ) અને દ્વેષવાળું જીવન, તે દાનવજીવન.
- દાનવજીવનમાં નીચેનાં લક્ષણો હોય :

  (૧) જુગાર (૨) વ્યભિચાર (૩) અભક્ષ્ય ભોજન (૪) વ્યસનો (૫) ક્રૂરતા (૬) પરપીડન-હિંસા (૭) અધર્મ (અનીતિ) (૮) પાખંડ (છળ- કપટ) (૯) અન્યાય (૧૦) દુરાચાર-અનાચાર.
- ધર્મશાસ્ત્રોની જેમાં અવગણના થાય, તે દાનવજીવન.
- પરમાત્મા પ્રત્યે જેમાં પ્રેમ કે ભય ન હોય, તે દાનવજીવન.

  આપણે આવું દાનવ જીવન તો જીવતા નથી ને?

૫. માનવતા

- માનવતાનાં મુખ્ય લક્ષણો :

  (૧) બીજાની પીડા જાણે અને તેથી દુઃખ અનુભવે.

  (૨) પરદુઃખમાં મદદરૂપ થાય.

  (૩) કોઈ વાતનું અભિમાન ન કરે.

(૪) વિનય અને વિવેકથી વર્તે.
(૫) પારકું ધન પકાવે નહીં.
(૬) પરસ્ત્રીને માતા-બેન સમજે.
(૭) કોઈને દુઃખ ન પહોંચાડે.
(૮) કટુ શબ્દો-અપશબ્દો ન બોલે.
(૯) વિચાર,વાણી, વર્તન એક હોય - મધુર હોય.
(૧૦) સૌના ગુણ જુએ. કોઈના દોષ ન જુએ.
(૧૧) પરોપકાર કરે.
(૧૨) હૃદય, મન, બુદ્ધિ નિર્મળ હોય.

આપણામાં આવાં લક્ષણો છે?

૬. દાનવતા

- દાનવતાનાં મુખ્ય લક્ષણો :

(૧) બીજાને જાણી જોઇને પીડે અને રાજી થાય.
(૨) દુઃખીને વધુ દુઃખી કરે.
(૩) તોછડાઇ, ઘમંડ હોય.
(૪) પારકું ધન પડાવવાના પેંતરા કરે.
(૫) પરસ્ત્રીની લાજ લૂંટે.
(૬) સૌનું અપમાન કરે.
(૭) અપશબ્દો - કડવા શબ્દો બોલે.
(૮) વિચાર, વાણી, વર્તન જુદાં હોય.

(૯) સૌની નિંદા કરે.
(૧૦) પોતાના જ સ્વાર્થ માટે જીવે.
(૧૧) પાખંડ, છળકપટ, અધર્મ કરે.
(૧૨) ત્રાસ, ધાકધમકી, બળજબરી, બળાત્કાર કરે.

આપણામાં આવાં લક્ષણ નથી ને?

૭. વૈષ્ણવતા

- જગતના કણ કણમાં રહેલા ભગવાન સચ્ચિદાનાંદ (વિષ્ણુ)ને પોતાના સ્વામી માને, તે વૈષ્ણવ.
- સચ્ચિદાનંદ ભગવાન કૃષ્ણની (વિષ્ણુ) પ્રેમભક્તિ કરે, તે વૈષ્ણવ.
- જગતના કણ કણમાં ભગવાન વસેલા છે, એવું દૃઢ જ્ઞાન જેને છે, તે વૈષ્ણવ.
- સૌમાં ભગવાન બિરાજે છે, એમ સમજી, જે સૌ-જડચેતન-સાથે મધુર વ્યવહાર કરે, આદરભાવથી વર્તન કરે, તે વૈષ્ણવ.
- જેનામાં માનવતા પૂરેપૂરી હોય, તે વૈષ્ણવ.
- જેની ભક્તિ સકામ-સ્વાર્થી-ન હોય, તે વૈષ્ણવ.
- જેણે ભગવાન શ્રીકૃષ્ણની સંપૂર્ણ, બિનશરતી શરણાગતિ સ્વીકારી છે., તે વૈષ્ણવ.
- જેણે ભગવાન કૃષ્ણને મન-વચન--કર્મથી પોતાનું સર્વસ્વ સમર્પણ કર્યું છે અને સમર્પિત જીવન જીવે છે, તે વૈષ્ણવ.

આપણે આવા વૈષ્ણવ છીએ?

૮. દંભી વૈષ્ણવતા

- જે વૈષ્ણવ હોવાનો માત્ર દેખાવ કરે, પણ વૈષ્ણવતા આચરે નહીં, તે દંભી વૈષ્ણવતા.
- જે ભગવાન કૃષ્ણનો બન્યા પછી, અન્યાશ્રય કરે- અન્ય દેવદેવીનાં દર્શન-પૂજાએ દોડે, તેમનો પ્રસાદ ખાય, તેમની પ્રાર્થના કરે-તે દંભી વૈષ્ણવતા.
- જે બ્રહ્મસંબંધ પછી, ભગવાન શ્રીકૃષ્ણની તનુવિત્તજા સેવા ન કરે, તે દંભી વૈષ્ણવતા.
- જે અસમર્પિત જીવન જીવે, તે દંભી વૈષ્ણવતા.
- જે પોતાના સ્વાર્થ માટે સેવા-સ્મરણ-જપ-પાઠ કરે, તે દંભી વૈષ્ણવતા.
- જે ભગવાન શ્રીકૃષ્ણ સાથે પાખંડ, છળકપટ કરે, તે દંભી વૈષ્ણવતા.
- જે સત્સંગ છોડી, દુઃસંગ કરે, તે દંભી વૈષ્ણવતા.

આપણી વૈષ્ણવતા આવી દંભી નથી ને?

૯. વૈષ્ણવી વેશ

- પુરુષો માટે ધોતી અને કસો બંધાય તેવી બંડી અથવા ધોતી ને ઉપરણો વૈષ્ણવી પોશાક છે.
- સ્ત્રીઓ માટે ચણિયો, કબજો અને સાડી વૈષ્ણવી પોશાક છે.
- આ વૈષ્ણવી પોશાક શુદ્ધ ભારતીય પહેરવેશ છે.
- ધર્મશાસ્ત્રના મતે ગળામાંથી કે પગથી પરોવીને પહેરાતા પોશાક ધર્મકાર્ય માટે નિષિદ્ધ છે.

- દરેક વૈષ્ણવે ગળામાં સુતરના દોરામાં પરોવેલી બે તુલસીમાળા અચૂક પહેરવી જોઈએ.
- દરેક વૈષ્ણવ પુરુષે પ્રસાદી કંકુનું ઊર્ધ્વપુંડ્ર તિલક અવશ્ય કરવું જોઈએ.
- દરેક વૈષ્ણવ સ્ત્રીએ પ્રસાદી કંકુનો ચાંલ્લો અવશ્ય કરવો જોઈએ.
- સેવા કરતાં વૈષ્ણવી વેશ અવશ્ય ધારણ કરવો જ જોઈએ.

આપણે વૈષ્ણવી વેશ ગૌરવથી પહેરીએ છીએ?

૧૦. અવૈષ્ણવી વેશ

- પાશ્ચાત્ય પોશાકો અવૈષ્ણવી પહેરવેશ છે.
- ગળામાં તાવીજ, માદળિયાં, મંત્રેલા લાલ-કાળા દોરા, રુદ્રાક્ષની માળા અવૈષ્ણવી છે.
- નાયલોનના દોરામાં પરોવેલી અથવા સોના કે ચાંદીના તારમાં ગાંઠેલી તુલસીમાળા પુષ્ટિમાર્ગની પરંપરા સાથે સુસંગત નથી.
- કપાળમાં ત્રિપુંડ, કેસર-ચંદનનો માત્ર ચાંલ્લો, અન્ય સંપ્રદાયનું તિલક કે ઊર્ધ્વપુંડ્ર તિલક વિનાનું કોરું કપાળ અવૈષ્ણવી છે.
- સ્ત્રીઓ માટે સિન્થેટિક(કૃત્રિમ) ચાંલ્લા અવૈષ્ણવી છે.

આપણે અવૈષ્ણવી વેશ પહેરીને સેવા નથી કરતાને?

૧૧. તુલસીમાળા શા માટે?

- તુલસીનાં ત્રણ સ્વરૂપ છે.
- આધિભૌતિક સ્વરૂપ - તુલસીનો છોડ. આયુર્વેદના મતે તુલસી આરોગ્યપ્રદ છે.

- તુલસી ભગવાનને અત્યંત પ્રિય છે. તેથી શ્રીઠાકોરજી તેને પુષ્પમાળા રૂપે હૃદય પર અને તુલસીદળ રૂપે ચરણારવિંદમાં રાખે છે.
- આધ્યાત્મિક સ્વરૂપ - તુલસી ભક્તિનું સ્વરૂપ છે. તે ધારણ કરવાથી ભગવદ્‌ભક્તિ અને ભગવદ્‌ભાવ વધે છે.
- આધિદૈવિક સ્વરૂપ - બે તુલસીમાળા શ્રીઠાકોરજીનાં બે ચરણકમળ છે. જેના હૃદય પર શ્રીઠાકોરજીનાં ચરણકમળ બિરાજે, તે સદા નિર્ભય, પવિત્ર અને પ્રભુને પ્રિય બને.

  આપણું ગળું કદી તુલસીમાળા વિનાનું હોતું નથીને?

૧૨. ઊર્ધ્વપુંડ્ર તિલક શા માટે?

- આપણા કપાળમાં બે ભ્રમરોની વચ્ચેના ભાગમાં આજ્ઞાકારી નાડીચક્ર છે. તે બધી ઈન્દ્રિયોને જુદાં-જુદાં કાર્યો કરવા આજ્ઞા કરે છે. તે ઈન્દ્રિયોને લૌકિક કાર્યો કરાવે છે. તેથી તન-મન-આત્મા પ્રભુથી વિમુખ રહે છે.
- આ આજ્ઞાકારી નાડીચક્રને અંકુશમાં રાખવા શીતોષ્ણઉદકપ્રયોગની એક યૌગિક પ્રક્રિયા છે. તેમાં ભ્રમરોની વચ્ચેના લલાટના ભાગ ઉપર વારાફરતી ગરમ અને ઠંડા પાણીની છાલકો મારવામાં આવે છે. તે પ્રક્રિયા બહુ સમય લેનારી અને શ્રમસાધ્ય છે.
- આજ્ઞાકારી નાડીચક્ર તન અને મનને દુષિત કરતું હોવાથી કાલિયનાગ જેવું છે. જેમ શ્રીકૃષ્ણે પોતાનાં ચરણ કાલિયનાગના માથે મૂકી, એનું દમન કરી, એને ભગાડ્યો હતો, તેમ ભગવાન શ્રીકૃષ્ણનું ચરણ આપણાં મસ્તક પર બિરાજે તો, આજ્ઞાકારી નાડીચક્ર કાબુમાં રહે.

- ઊર્ધ્વપુંડ્ર તિલક ભગવાન શ્રીકૃષ્ણના ચરણના આકારનું છે, તેથી તેમના ચરણરૂપ છે. તે ધારણ કરવાથી આજ્ઞાકારી નાડીચક્રને કાબુમાં લઈ શકાય છે.
- તિલક કરવામાં વપરાતા કંકુનો ગુણધર્મ ગરમીનો છે અને જળનો ગુણધર્મ શીતળતાનો છે. તેથી શીતોષ્ણઉદક પ્રક્રિયા પણ આપોઆપ થાય છે.
- તિલક સૌભાગ્યનું ચિહ્ન છે. ભગવાન આપણા સ્વામી છે. આપણે તેમના દાસ છીએ. એ સંબંધનું સતત સ્મરણ રહે છે.

  આવું તિલક કરતાં આપણે ગૌરવ અનુભવીએ છીએને?

૧૩. ભક્તિ

- દરેક માણસ સ્વભાવે લાગણીશીલ, પ્રેમાળ હોય છે.
- પ્રેમ કરવો અને પ્રેમ પામવો એ માણસની સહજ જરૂરિયાત છે.
- સાચો પ્રેમ પ્રેમીને કેવળ સુખી કરવા એ જ છે. બદલામાં પોતાનું સુખ ઈચ્છવાથી પ્રેમ દુષિત થાય છે.
- પોતાના શરીર અને મનના સુખ માટે જે પ્રેમ કરવામાં આવે છે.

  તે સાચો પ્રેમ નથી. તે મોહ છે મોહ આખરે દુઃખ આપે છે. પ્રેમ કાયમ પ્રસન્નતા આપે છે.
- દુનિયામાં સાચો પ્રેમ મળવો અશક્ય છે.
- સાચા પ્રેમનું સ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણ જ છે. તેમના સિવાય બીજે ક્યાંય સાચો અને પૂર્ણ પ્રેમ નથી.
- પ્રેમ આપવાથી પ્રેમ મળે છે.

- ભગવાન શ્રીકૃષ્ણ પાસેથી પ્રેમનું સુખ મેળવવા, તેમને પ્રેમ કરવો એનું નામ ભક્તિ.
- ભગવાન શ્રીકૃષ્ણ માત્ર પ્રેમથી જ વશ થાય છે, મળે છે.

આપણે ભગવાન શ્રીકૃષ્ણને સાચો પ્રેમ કરીએ છીએને?

૧૪. પુષ્ટિભક્તિ

- પ્રેમલક્ષણા ભક્તિનું બીજું નામ પુષ્ટિભક્તિ છે.
- જીવ ભગવાનમાંથી છૂટો પડેલો તેમનો અંશ છે. તેથી ભગવાન આપણા સ્વામી છે. આપણે ભગવાનના દાસ છીએ.
- ભગવાન સાથે આપણો લોહીનો સંબંધ હોવાથી, આપણને ભગવાન ઉપર કુદરતી પ્રેમ છે.
- સાચો પ્રેમ બદલો મેળવવામાં નથી, માત્ર આપવામાં છે. પ્રભુને બદલાની અપેક્ષા વિના પ્રેમ કરવો, તે પુષ્ટિભકિત.
- પુષ્ટિભક્તિનાં બે ચરણ (૧) શરણ (૨) સમર્પણ
- શરણ સિદ્ધ કરવાનાં ચાર સાધન : (૧) કથાશ્રવણ (૨) ભગવદ્ કીર્તન (૩) ભગવદ્સ્મરણ (૪) ભગવદ્વંદન.
- સમર્પણ સિદ્ધ કરવાનાં પાંચ સાધન : (૧) પાદસેવન (૨) દાસ્ય (૩) સખ્ય (૪) આત્મનિવેદન
- શરણ અને સમર્પણ સિદ્ધ થાય, તો પુષ્ટિભક્તિ સિદ્ધ થાય.
- પુષ્ટિભક્તિ સિદ્ધ થાય તો સાક્ષાત પ્રભુ મળે.

આપણે આ પુષ્ટિભક્તિના માર્ગે ચાલીએ છીએ ને?

૧૫. શરણ

- સંસ્કૃતમાં 'શરણ'ના ત્રણ અર્થ : આધાર (આશ્રય), ઘર, રક્ષક.
- જે સર્વસમર્થ હોય, સદા આધાર આપે, સદા રક્ષણ કરે, તેના શરણે જવામાં સાચું ડહાપણ.
- આવું શરણ માત્ર પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ જ આપી શકે.
- કોઈ દેવદેવી, માણસ કે પદાર્થ આવું શરણ આપવા સમર્થ નથી.
- જે આવું શરણ આપે, તેની જ ભક્તિ થાય. માટે કૃષ્ણભક્તિ શ્રેષ્ઠ છે.
- શરણ એકનું જ લેવાય, અનેકનું નહીં. માટે ભક્તિમાં દૃઢ-અનન્ય-આશ્રય પહેલી શરત.
- શ્રીકૃષ્ણનો અનન્ય આશ્રય છોડી, બીજા કોઈપણ દેવદેવી, મનુષ્ય કે પદાર્થનો આશ્રય કરવો તે અન્યાશ્રય.

૧૬. શરણની છ શરતો

(૧) શ્રીઠાકોરજીને જે પ્રિય હોય, તે જ કરવું.
(૨) શ્રીઠાકોરજીને જે અપ્રિય હોય, તે ન જ કરવું.
(૩) શ્રીઠાકોરજી આપણું ચોક્કસ રક્ષણ કરશે જ, એવો તેમનામાં વિશ્વાસ રાખવો.
(૪) શ્રીઠાકોરજીને આપણા સ્વામી (પતિ) તરીક સ્વીકારી, સ્વામી-સેવકના સંબંધથી બધો વ્યવહાર કરવો.
(૫) શ્રીઠાકોરજીને આત્મનિવેદન કરવું.
(૬) દીનતા રાખવી.

આ છ શરતો સિદ્ધ થાય, તે શરણ સિદ્ધ થાય.

આપણે આવું શરણ સ્વીકાર્યું છેને?

૧૭. શ્રીઅષ્ટાક્ષર મંત્ર

- પુષ્ટિમાર્ગમાં પહેલાં શરણ અને પછી સમર્પણ છે.
- શરણ સિદ્ધ કરવા શ્રીઅષ્ટાક્ષરમંત્રની દીક્ષા લેવી જરૂરી છે.
- શ્રીઅષ્ટાક્ષરમંત્ર એટલે 'શ્રીકૃષ્ણ શરણં મમ.'
- 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' = શ્રી (શ્રીસ્વામિનીજી-શ્રીરાધાજી) સહિતના શ્રીકૃષ્ણ મારું શરણ (આધાર-રક્ષક) છે.
- આ મંત્ર નિત્યલીલામાં સૌ પ્રથમ શ્રીમહાપ્રભુજીએ શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીની સામે ઉચ્ચાર્યો હતો.
- શ્રીમહાપ્રભુજીના વંશજ, શ્રીમહાપ્રભુજીના પ્રતિનિધિસ્વરૂપે આ મંત્ર આપે છે.
- જમણા કાનમાં ત્રણ વખત આ મંત્ર તેઓ બોલે છે અને દીક્ષા લેનાર પાસે બોલાવે છે.
- પછી દીક્ષા લેનારને તુલસીની કંઠી પહેરાવે છે.
- આ રીતે, શ્રીઅષ્ટાક્ષરમંત્રની દીક્ષા લેતાં, પુષ્ટિમાર્ગમાં પ્રવેશ થાય છે.

આપણે આ મંત્રદીક્ષા લીધી છેને?

૧૮. શ્રી અષ્ટાક્ષર મંત્રનું રહસ્ય

- શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે કે દરેક વૈષ્ણવે નિત્ય, સતત આ મંત્રનું મનમાં રટણ કરતા રહેવું જોઈએ.

- આ મંત્ર મહામંત્ર છે, કારણ કે તે કોઈપણ શુદ્ધ-અશુદ્ધ સ્થિતિમાં, કોઈપણ સ્થળે, કોઈપણ સમયે રટી શકાય છે.
- જપમાળા લઈ તેનો જપ કરી શકાય. જપમાળા વિના પણ મનમાં રટી શકાય. મોટેથી તેનું સંકીર્તન પણ કરી શકાય.
- આ મંત્રના જપ-રટણ કરવાથી અનેક અલૌકિક સિદ્ધિઓ મળે છે, શરણ સિદ્ધ થાય છે.
- ચોર, હિંસક પશુ, ભૂતપ્રેત વગેરેના સર્વ ભય દૂર થાય છે. તે જીવ નિર્ભય બને છે.
- તેનાં સર્વ દુઃખ દૂર થાય છે. તેને સર્વ સુખ, સંપત્તિ, સત્તા, યશ, ભક્તિ મળે છે.
- શ્રીમહાપ્રભુજીનો મત છે કે દુષ્ટ કલિયુગમાં એક ક્ષણ પણ પ્રભુનું નામ વિસરાઈ જાય, તો પ્રભુથી બહિર્મુખ થવાય છે.

આપણે નિત્ય, સતત આ મંત્ર રટવાની ટેવ પાડી છે?

૧૯. અષ્ટાક્ષરમંત્રની દીક્ષા લેનારની ફરજો

- બે તુલસીમાળા ધારણ કરવી. તિલક કરવું.
- શ્રીઠાકોરજીનાં નિત્ય દર્શન કરવાં.
- પુષ્ટિમાર્ગીય સ્તોત્ર-પાઠ જ કરવા.
- શ્રીઅષ્ટાક્ષરમંત્રનો જપ કરવો. બને તેટલું રટણ કરવું.
- સત્સંગ કરવો. શિક્ષાપત્ર, ૮૪/૨૫૨ વૈ.ની વાર્તાઓ, ષોડશગ્રંથ જેવાં પુસ્તકોનું નિત્ય વાચન કરવું. ગીતા અને ભાગવત વાંચવાં.

- શ્રીઠાકોરજીનો અનન્યાશ્રય રાખવો. અન્યાશ્રય ન કરવો.

આપણે આ ફરજોનું પાલન કરીએ છીએને?

૨૦. અન્યાશ્રય અને અનન્યાશ્રય

- પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ જ આપણા સ્વામી છે, એવો એમના માટે દાસભાવ રાખવો તે અનન્યાશ્રય.
- શ્રીકૃષ્ણ સિવાય અન્ય કોઇ અવતાર, દેવ, દેવી, મનુષ્યને પોતાના સ્વામી સમજવા તે અન્યાશ્રય.
- શ્રીઠાકોરજી પાસે પણ વૈષ્ણવે પોતાનાં દુઃખ રડવાં નહીં, કંઇ માગવું નહીં. ત્યારે બીજા કોઇ દેવદેવી કે માણસ પાસે માગવું અથવા તેઓ આપણું ભલું કરશે એમ સમજી તેમનાં દર્શન કરવા જવું, તેમની પૂજા કરવી. તેમનો પ્રસાદ લેવો, તેમને પ્રાર્થના કરવી એ અન્યાશ્રય છે.
- તુલસીની કંઠી ન પહેરવી, બીજી રુદ્રાક્ષ વગેરેની માળા પહેરવી, તાવીજ, દોરા-ધાગા બાંધવા, અન્ય પ્રકારનું તિલક કરવું તે પણ અન્યાશ્રય છે.
- શ્રીઠાકોરજીની સેવામાં સાથે અન્ય દેવદેવી રાખવાં તે પણ અન્યાશ્રય છે.
- અન્યાશ્રય એટલે શ્રીઠાકોરજીમાં અવિશ્વાસ. આપણા દાસભાવનો વ્યભિચાર.
- ઘરમાં અન્ય દેવદેવીના ફોટા રાખવા, તેમના મંત્ર જપવા તે અન્યાશ્રય. આપણે આવો અન્યાશ્રય કરી છીએ?

૨૧. વૈષ્ણવનો વિવેક

- વૈષ્ણવી જીવન જીવવા, વૈષ્ણવી વિચાર રાખવા જરૂરી છે. તે વિચાર અને તે અનુસારનું જીવન એટલે વૈષ્ણવનો વિવેક.
- શ્રીમહાપ્રભુજીએ વૈષ્ણવી જીવન માટે નીચેના નવ વિવેક બતાવ્યા છે.

(૧) જગતમાં જે કંઇ દેખાય છે તે શ્રીહરિ જ છે. તેમનાં જ બધાં નામરૂપ છે.

(૨) શ્રીહરિ સ્વતંત્ર છે; સર્વસમર્થ છે. તેઓ બધું તેમની ઇચ્છાથી જ કરે છે. બીજાની ઇચ્છા પ્રમાણે તેઓ કંઇ કરતા નથી. તેમની પાસે કોઇનું કંઇ ચાલતું નથી.

(૩) જગતમાં સર્વ કંઇ ભગવાનનું જ છે.

(૪) સર્વ કંઈ તેમની ઈચ્છા પ્રમાણે જ થાય છે.

(૫) તેમની આપવાની શક્તિમાં અવિશ્વાસ કરી, તેમની પાસે કંઈ માગવું નહીં.

(૬) તેમનો સ્વામી તરીકે સ્વીકાર કરી, તેમના દાસ બનીને રહેવું.

(૭) કોઈપણ બાબતની ખોટી હઠ ન રાખવી.

(૮) કોઈપણ વસ્તુનો દુરાગ્રહ ન રાખવો.

(૯) ધર્મ અને અધર્મને સમજીને, ધર્મના માર્ગે જ ચાલવું.

આપણે આવા વિવેકી છીએ?

૨૨. ભક્તનું સ્વરૂપ

- વૈષ્ણવોનો અપરાધ ન કરવો. તેનાથી સદા ડરતા રહેવું.
- શ્રીઠાકોરજી અને ભગવદીયોમાં કોઇ ભેદ નથી. બંનેની સેવા કરવી.

- ભગવદીય વૈષ્ણવનું બાહ્ય વર્તન જુદું દેખાય, છતાં તેમનામાં અભાવ ન લાવવો. તેમની નિંદા ન કરવી.
- જેમને શ્રીઠાકોરજીના પ્રકટ સ્વરૂપમાં વધારે આસક્તિ રહેતી હોય, તેમને તામસ ભક્ત જાણવા.
- જેમને વિવિધ રાગ, ભોગ, શૃંગાર, મનોરથો દ્વારા શ્રીઠાકોરજીમાં વધારે આસક્તિ રહેતી હોય, તેમને રાજસ ભક્ત જાણવા.
- જેમને ભગવદ્વાર્તા-સત્સંગ, સ્મરણ, જપ-પાઠ, વ્રત વગેરે દ્વારા શ્રીઠાકોરજીમાં વધારે આસક્તિ રહેતી હોય, તેમને સાત્ત્વિક ભક્ત જાણવા.
- જેમને શ્રીઠાકોરજીના વિરહ-વિપ્રયોગ દ્વારા અંતઃકરણસ્થિત શ્રીઠાકોરજીના ભાવાત્મક સ્વરૂપમાં વિશેષ આસક્તિ રહેતી હોય, તેમને નિર્ગુણ ભક્ત જાણવા.
- સર્વ ભક્તોમાં નિર્ગુણ ભક્તને શ્રેષ્ઠ જાણવા.
- સર્વ સગુણ ભક્તોમાં તામસ ભક્તને શ્રેષ્ઠ જાણવા.

આપણે કેવા ભક્ત છીએ?

૨૩. ભક્તનું કર્તવ્ય

- ગૃહસ્થ વૈષ્ણવે પોતાના માટે, પરિવાર માટે કે સેવા માટે બીજાનું દ્રવ્ય ન લેવું.
- વૈષ્ણવનું દ્રવ્ય શ્રીઠાકોરજીનું છે, શ્રીઠાકોરજી માટે છે. તે લૌકિકમાં ન વેડફવું. જરૂર હોય તેટલું, શ્રીઠાકોરજીની આજ્ઞા લઈ, ખર્ચવું.

- ઘેર આવેલા વૈષ્ણવને સખડી પ્રસાદ લેવડાવ્યા વિના, સખડી પ્રસાદ લેવો નહીં.
- દુઃખમાં ધીરજ છોડવી નહીં. અન્યાશ્રય ન કરવો.
- ભગવદ્ધર્મ-સેવા, સત્સંગ, કીર્તન, સ્મરણમાં લોકલાજ રાખવી નહીં.
- પ્રભુ ઉત્તમ સામગ્રીના ભોક્તા છે. જયાં પ્રભુલાયક ઉત્તમ વસ્તુ દેખાય, ત્યાંથી તે ખરીદી, પ્રભુને અંગીકાર કરાવવી. તે ખરીદવાની શક્તિ ન હોય તો માનસીમાં અંગીકાર કરાવવી.
- ઉત્તમ વસ્તુ પ્રભુને અંગીકાર કરાવ્યા વિના, વાપરવી નહીં.
- તીર્થનું માહાત્મ્ય જાણી, તીર્થમાં ન જવું. તેથી અન્યાશ્રય થાય છે. શ્રીમહાપ્રભુજીનો તે તીર્થ સાથેનો સંબંધ યાદ રાખીને જવું.

આપણે આમ કરીએ છીએ?

૨૪. ગુરુભક્તિ

- વૈષ્ણવે ગુરુ (શ્રીમહાપ્રભુજી અને તેમના વંશ) પ્રત્યે સેવકબુદ્ધિ રાખવા.
- વૈષ્ણવ શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજીના દાસ છે. શ્રીમહાપ્રભુજી (અને તેમના વંશ)નું દાસત્વ વૈષ્ણવ માટે જરૂરી છે.
- શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજીની કૃપા વિના શ્રીનાથજીના સ્વરૂપનો અનુભવ થતો નથી.
- વૈષ્ણવની કૃપાથી ગુરુની કૃપા થાય છે. ગુરુ પ્રસન્ન થાય, ત્યારે કોઈ વસ્તુની ઉણપ રહેતી નથી.

- ➢ શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને શ્રીવલ્લભકુળમાં દૃઢ વિશ્વાસ રાખવો. તેમનામાં અનન્ય ભાવ રાખવાથી શ્રીસ્વામિનીજી પ્રસન્ન થાય છે. શ્રીસ્વામિનીજીની કૃપાથી શ્રીઠાકોરજી પ્રસન્ન થાય છે.
- ➢ ગુરુના કાર્યાર્થે શ્રીઠાકોરજીની આજ્ઞા ન પળાય તો બાધક નથી. ગુરુની પ્રસન્નતાથી શ્રીઠાકોરજી પ્રસન્ન થાય છે.
- ➢ જ્યાં શ્રીમહાપ્રભુજીનો સંબંધ છે, ત્યાં શ્રીઠાકોરજી દોડ્યા જાય છે.
- ➢ ગુરુ વિના દૃઢ શરણાગતિ સંભવિત નથી.
- ➢ ગુરુના સ્વરૂપમાં અને કાર્યમાં લૌકિક બુદ્ધિ સર્વથા ન કરવી.

આપણી ગુરુભક્તિ આવી છે ને?

૨૫. ભગવદ્સેવા

- ➢ સખડી પૂર્ણ સ્નેહનું સ્વરૂપ છે, તેથી શ્રીઠાકોરજીને સખડીભોગ અવશ્ય ધરવો.
- ➢ જે ભક્ત અનન્યતાપૂર્વક શ્રીઠાકોરજીની સેવા કરે છે, તેનાં બધાં કાર્ય શ્રીઠાકોરજી પોતે કરે છે.
- ➢ ભાવપૂર્વક સ્વગૃહે શ્રીઠાકોરજીની સેવા કરવી.
- ➢ શ્રીમહાપ્રભુજીના માર્ગમાં પ્રેમલક્ષણા ભક્તિ જ મુખ્ય છે.
- ➢ પ્રણાલિકા પ્રમાણે સેવા કરવાથી, શ્રીઠાકોરજી તે સેવા શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીની કાનિથી અંગીકાર કરે છે.
- ➢ શ્રીમહાપ્રભુજીએ સેવામાં શાસ્ત્રોની મર્યાદા સ્વીકારી છે, તેથી ઉત્સવ સારા, શુદ્ધ દિવસ, ઘડી, નક્ષત્ર જોઈને મનાવવા.

- ➢ જે વૈષ્ણવ શુદ્ધ-નિઃસ્વાર્થ સ્નેહપૂર્વક સેવા કરે છે, તેની સેવા શ્રીનાથજી ચોક્કસ અંગીકાર કરે છે.
- ➢ ભગવદ્સેવાની સરખામણીમાં બધાં લૌકિક-વૈદિક કર્મો તુચ્છ છે.
- ➢ વૈષ્ણવ સિવાય અન્ય કોઈની સત્તાની સામગ્રી કે સંપત્તિ શ્રીઠાકોરજી અંગીકાર કરતા નથી.
- ➢ શ્રીઠાકોરજી મુગ્ધ બાળક છે એવો બાલભાવ રાખી, સેવા કરવી.
- ➢ ઉત્થાપનભોગમાં લીલો મેવો અવશ્ય ધરવો.

આપણે આવી રીતે સેવા કરીએ છીએને?

૨૬. ભગવદ્વાર્તા

- ➢ વૈષ્ણવો એકાંતમાં બેસીને ભગવદ્વાર્તા કરે છે, ત્યાં શ્રીનાથજી પોતે અવશ્ય પધારે છે.
- ➢ શ્રીગોવર્ધનનાથજી પોતે વૈષ્ણવોની વાર્તા સાંભળવાના મોટા વ્યસની છે.
- ➢ ભગવદ્વાર્તા એવી અલૌકિક છે કે તે કરવા-સાંભળવાથી દેહાધ્યાસ છૂટી જાય છે.
- ➢ ભગવદ્વાર્તા ભગવદીયોની સાથે મળીને નિત્ય કરવી.
- ➢ ભગવદીયોનો એક ક્ષણનો સંગ પણ સંસાર મિટાવે છે.
- ➢ વૈષ્ણવ સિવાય બીજાની આગળ ભગવદ્વાર્તા ન કરવી.
- ➢ પુષ્ટિમાર્ગ વૈષ્ણવ દ્વારા જ ફલિત થાય છે.
- ➢ વૈષ્ણવના સંગ વિના પુષ્ટિમાર્ગ હૃદયારુઢ ન થાય.

- વૈષ્ણવનાં વચનમાં વિશ્વાસ રાખવો.
- વૈષ્ણવે ભગવદીયો સાથે મળીને નિવેદનમંત્રનું નિત્ય સ્મરણ કરવું.
- ભક્ત ભગવદ્વાર્તા કરે તો શ્રીઠાકોરજી તેના ઉપર પ્રસન્ન થાય છે.
- ભગવદ્વાર્તા સ્વરૂપાત્મક છે. પ્રેમપૂર્વક સાંભળવાથી દેહમાંથી લૌકિકતા દૂર થાય છે.

આપણે આવી રીતે નિત્ય સત્સંગ કરીએ છીએ?

૨૭. વ્રજ - વ્રજલીલા

- વ્રજયાત્રાથી વ્રજનું સ્વરૂપ હૃદયારુઢ થાય છે. તેથી વ્રજયાત્રા અવશ્ય કરવી.
- ગોવર્ધન પર્વત મહા અલૌકિક છે. તેમાં બધી લીલા વિદ્યમાન છે. તેથી તેમના ઉપર પગ મૂકવો નહીં. ભગવત્સેવા કે દર્શનાર્થે ઉપર જવું પડે, તો તેમને દંડવત કરી, કેડીએ કેડીએ જવું. બીજે પગ ન મૂકવો, નહીં તો જીવ લીલાથી વિખૂટો પડે છે. શ્રીવલ્લભકુળની આજ્ઞા લઈને જવું.
- શ્રીયમુનાજી વ્રજલીલાનાં અધિષ્ઠાત્રી છે. વ્રજલીલાનું સૌભાગ્ય તેમની કૃપાથી મળે છે.
- ગોકુલ એટલે ભક્તકુલ. તેમના દેવતા શ્રીગોવર્ધનનાથજી છે, તેથી તેમનો આશ્રય કરવો. તેમનો આશ્રય છોડી, બીજા કોઈનો આશ્રય ન કરવો.
- શ્રીગોવર્ધન ગિરિરાજજી હરિદાસવર્ય છે, તેથી તેઓ સદૈવ ભક્તિરસથી સ્નાન કરે છે.

- પહેલાં કૂવાના જળથી સ્નાન કરવું. પછી શ્રીયમુનાજીમાં સ્નાન કરવું.
- વૃંદાવનમાં વૃક્ષેવૃક્ષે વેણુધારી અને પત્રેપત્રે ચતુર્ભૂજ છે. તેથી વૈષ્ણવે વ્રજનાં વૃક્ષલતા સર્વથા તોડવાં નહીં. શ્રીઠાકોરજીની સેવા માટે તોડવામાં બાધ નથી.
- વ્રજ ભગવદીય છે. તેમનાં દર્શન-માનસી કરવાથી ભગવદ્ભાવ ઉત્પન્ન થાય છે.

આપણે આ સમજ સાથે વ્રજયાત્રા કરીએ છીએ?

૨૮. પુષ્ટિમાર્ગ

- પુષ્ટિમાર્ગમાં જીવની યોગ્યતાનો વિચાર નથી, વરણ મુખ્ય છે.
- પુષ્ટિમાર્ગમાં શરણે આવેલા જીવનો શ્રીઠાકોરજી કદાપિ ત્યાગ કરતા નથી.
- પુષ્ટિમાર્ગમાં શ્રીમહાપ્રભુજી પોતે વિરહાગ્નિ સ્વરૂપે, જીવના હૃદયમાં પ્રવેશી, જીવનાં બધાં પાપો એક ક્ષણમાં બાળી નાંખે છે.
- પુષ્ટિમાર્ગની સાયુજ્ય મુક્તિ મર્યાદામાર્ગથી વિલક્ષણ છે.
- પુષ્ટિમાર્ગમાં ભાવની જ મુખ્યતા છે.
- પુષ્ટિમાર્ગમાં કામ બાધક છે. વિષયવાસનાવાળા જીવના દેહમાં શ્રીઠાકોરજી કદી પધારતા નથી.
- પુષ્ટિમાર્ગમાં અનુગ્રહ જ નિયામક છે.
- પુષ્ટિમાર્ગમાં બધાં કાર્ય કામનારહિત બનીને કરવાનાં છે.
- પુષ્ટિમાર્ગમાં શ્રીઠાકોરજી પ્રત્યે પતિવ્રતા ધર્મ રાખવો જરૂરી છે.

- ➢ પુષ્ટિમાર્ગમાં સેવા વિરહ-આતુરતાપૂર્ણ છે. વિરહ આતુરતા વિના શ્રીઠાકોરજીનો અનુભવ થતો નથી.
- ➢ પુષ્ટિમાર્ગમાં શ્રીઠાકોરજી જે પ્રકારે પ્રસન્ન રહે તે જ ધર્મ છે.
- ➢ પુષ્ટિમાર્ગમાં શીતલભાવ ઉચિત નથી.

આવો પુષ્ટિમાર્ગ આપણે જીવીએ છીએ?

૨૯. વૈષ્ણવસેવા

- ➢ વૈષ્ણવની સેવા કરવાથી વ્રજલીલામાં પ્રવેશ મળે. વ્રજનું સૌભાગ્ય મળે.
- ➢ વૈષ્ણવનું જૂઠણ લેવાથી હૃદયનાં નેત્ર ખૂલે છે. વૈષ્ણવને પ્રસાદ લેવડાવી, પ્રસાદ લેવો, તે વૈષ્ણવનું જૂઠણ કહેવાય.
- ➢ વૈષ્ણવ વેષધારી હોય, છતાં ઘેર આવે તો તેમનો સત્કાર કરવો.
- ➢ વૈષ્ણવોનો આદર કરવો. તેમને આપણાથી મોટા (મહાન) જાણવા.
- ➢ જે કોઇ વૈષ્ણવોની નિષ્કામભાવે સેવા કરે છે, તેમને આધીન થઇને શ્રીઠાકોરજી રહે છે.
- ➢ નિત્ય એક વૈષ્ણવને પ્રસાદ લેવડાવી, પ્રસાદ લેવો, એ વૈષ્ણવનો ધર્મ છે.
- ➢ ભગવદીયોની પરીક્ષા ન કરવી.
- ➢ ભગવદીય વૈષ્ણવની જાતિ ન વિચારવી.
- ➢ વૈષ્ણવોની સેવા અત્યંત દુર્લભ છે.
- ➢ વૈષ્ણવમાં સદા અલૌકિક બુદ્ધિ રાખવી.
- ➢ ભગવદીય વૈષ્ણવને નિષ્કપટ ભાવથી મળવું-ભેટવું. તેથી હૃદય શુદ્ધ થઇ, તેમાં ભગવદ્‌ભાવ વધે છે.

- ➢ ઘેર આવેલા વૈષ્ણવનું સમાધાન, સ્નેહપૂર્વક સારી રીતે કરવું. દ્રવ્યની ખેંચ હોય તો, દ્રવ્ય ઉધાર લાવીને પણ કરવું.
- ➢ ભગવદીયો સાથે લૌકિક વાતો ન કરવી.

આવી વૈષ્ણવ સેવા આપણે કરીએ છીએ?

૩૦. વૈષ્ણવી વ્યવહાર

- ➢ શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવ પ્રત્યે દીનતા રાખવી.
- ➢ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે ચાલવું.
- ➢ વૈષ્ણવે મસૂરની દાળ, લસણ-ડુંગળી, ગાજર-મૂળા-મોગરી, તરબૂચ વગેરે તામસી પદાર્થો ન ખાવા.
- ➢ રાજદ્રવ્ય અનર્થકારી છે. તે ઘરમાં ન લાવવું.
- ➢ ગુરુની આજ્ઞા પ્રમાણે સેવા કરવી. કલ્પિત પ્રકારે ન કરવી.
- ➢ ગાયોની સેવા ભાવપૂર્વક કરવી, તેથી શ્રીઠાકોરજી પ્રસન્ન થાય છે.
- ➢ શ્રીઠાકોરજી સાથે કપટ ન કરવું.
- ➢ અહંકાર ભગવદ્‌ધર્મમાં બાધક છે. અહંકાર ન કરવો.
- ➢ કોઇ આપણું ખરાબ કરે, તેનું પણ ભલું કરવું.
- ➢ પોતાના નાના દોષને પણ મોટા જાણવા.
- ➢ અસત્ય ન બોલવું.
- ➢ જીવહિંસા ન કરવી.
- ➢ શ્રીઠાકોરજીમાં અવિશ્વાસ ન કરવો.
- ➢ ક્રોધ ન કરવો.

- સંયમ અને સંતોષ રાખવા.

આપણે વૈષ્ણવી વ્યવહાર આવો છે?

૩૧. દ્રવ્ય

- શ્રીઠાકોરજી દ્રવ્યને આધીન નથી.
- જીવ નિષ્કિંચન હોય, તો પણ તેણે સેવા કરવી.
- રાજદ્રવ્ય પ્રભુ સેવાના કામમાં વાપરવું નહીં, તેમ કરવાથી બહિર્મુખતા થાય છે.
- વૈષ્ણવે પ્રામાણિકતાથી મહેનત કરી દ્રવ્ય કમાવવું. મહેનતનું દ્રવ્ય પ્રભુ અંગીકાર કરે છે.
- શ્રીઠાકોરજી માટે ઉધાર-દેવું કરીને દ્રવ્ય કે પદાર્થ લાવવા નહીં. તે બીજાની સત્તાનું હોવાથી, શ્રીઠાકોરજી અંગીકાર કરતા નથી.
- જે વૈષ્ણવ હોય તે કદાપિ ગુરુનું દ્રવ્ય ન લે.
- ધનમદ, રાજમદ, વિદ્યામદ બાધક છે.
- કોઈનું દિલ દુઃખાવી અથવા કપટ કરી મેળવેલ દ્રવ્ય શ્રીઠાકોરજીને સુહાતું નથી.
- પોતાના જ દ્રવ્ય-પદાર્થોથી શ્રીઠાકોરજીની સેવા કરવી. તો જ મમતા છૂટે છે. બીજાના દ્રવ્યથી-વસ્તુથી શ્રીઠાકોરજીની કદાપિ સેવા ન કરવી.

આપણે આ રીતે દ્રવ્ય વાપરીએ છીએ?

૩૨. આદર્શ વૈષ્ણવ

- સદા સૌના ઉપર કૃપા રાખે.
- કોઈ ઉપર ક્રોધ ન કરે.

- કોઈનો દ્રોહ ન કરે.
- કોઈ દુર્વચન બોલે તો પોતાનો અપરાધ જાણે.
- તે સાંભળી તેમના પ્રત્યે અભાવ ન લાવે.
- સૌને મધુર વચન કહે.
- પાખંડ ન કરે - સચ્ચાઈથી જીવે.
- નિર્મળ બુદ્ધિ રાખે.
- ઇંદ્રિયો પર પૂરો કાબુ રાખે.
- માત્ર શ્રીઠાકોરજીને સમર્પિત કરેલા (ધરેલા) પદાર્થો જ વાપરે.
- બર્હિમુખ લોકો ચર્ચા કરતા હોય, ત્યાં મૌન રહે.
- ક્યારેય ધીરજ ન છોડે.
- નિરપેક્ષ -નિષ્કામ હોય.
- પરોપકાર કરે.
- સતત સેવા-સત્યંગ-સ્મરણ-પરાયણ હોય.

આપણે આવા વૈષ્ણવ છીએ?

૩૩. આટલું અવશ્ય કરીએ

- સતત-નિત્ય શ્રીઅષ્ટાક્ષર મંત્રનું રટણ કરીએ. તેનાથી નિર્ભયતા પ્રાપ્ત થાય છે.
- શ્રીયમુનાષ્ટકના પાઠ સદા પ્રસન્નચિત્તથી કરીએ. તેનાથી પરમ સૌભાગ્ય પ્રાપ્ત થાય છે.
- શ્રદ્ધાપૂર્વક શુદ્ધ બુદ્ધિથી શ્રીસર્વોત્તમસ્તોત્રના પાઠ કરીએ. તેનાથી મન સ્થિર થાય છે અને ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે.

- શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવ અને ગાયોની થાય તેટલી સેવા કરીએ, તેથી શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજી પ્રસન્ન થાય છે.
- ભગવદીયોનો સંગ કરીએ, તેથી પુષ્ટિમાર્ગમાં નિષ્ઠા દૃઢ થાય છે.
- સેવાના અનવસરમાં પરોપકાર કરીએ, તેથી હૃદય કોમળ બને છે.
- શ્રીમહાપ્રભુજીની વાણી-ષોડશગ્રંથ, શ્રીપુરુષોત્તમસહસ્ર નામ, ત્રિવિધનામાવલિના પાઠ કરીએ. તેથી શ્રીઠાકોરજીનો અનુભવ થાય છે.
- શ્રીગોવર્ધનનાથજી સહિત સર્વ ભગવદ્‌સ્વરૂપો, શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી, શ્રીસ્વામિનીજી, શ્રીયમુનાજીમાં મોટા-નાનાનો ભેદ ન વિચારીએ. સૌને સમાન જાણીએ.
- શ્રીઠાકોરજીમાં પુરુષોત્તમભાવ અને શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઇજી-શ્રીવલ્લભવંશમાં ગુરુભાવ રાખીએ.

૩૪. આટલું ન કરીએ

- ગોકુલવાસી અને વ્રજવાસીના દોષ ન વિચારીએ.
- ઉત્સવોનો દિવસ ન ભૂલીએ.
- ગુરુ ન આરોગે, ત્યાં સુધી પ્રસાદ ન લઇએ.
- ગુરુ ગામમાં બિરાજતા હોય તો સન્મુખ થયા વિના ન રહીએ.
- શ્રીભાગવતની કથા-પાઠ-પારાયણ આજીવિકા કે દ્રવ્યોપાર્જન માટે ન કરીએ. તેમ કરનારને પ્રોત્સાહન ન આપીએ.
- શ્રીગોવર્ધનનાથજી અને આપણા ત્યાં બિરાજતા શ્રીઠાકોરજીમાં જરાય ભેદ ન વિચારીએ.

- શ્રીઠાકોરજીને રાતે ઘરમાં એકલા પોઢાડી, ઘર બંધ કરી ન જઈએ.
- શ્રીઠાકોરજીની સેવા છોડી બીજાં લૌકિક કામ ન કરીએ.
- મહાપ્રસાદમાં ભગવદ્‌બુદ્ધિ રાખીએ, સ્વાદબુદ્ધિ ન રાખીએ.
- ઘેર બિરાજતા શ્રીઠાકોરજીની સેવા છોડીને-તેમની ઉપેક્ષા કરીને મંદિરે ન દોડીએ.
- માત્ર કર્મકાંડની જેમ સેવા ન કરીએ.
- શ્રીઠાકોરજીની સન્મુખ બીજા વૈષ્ણવને 'જયશ્રીકૃષ્ણ' ન કહીએ.
- શ્રીવલ્લભવંશને 'દંડવત' કરીએ, 'જયશ્રીકૃષ્ણ' ન કહીએ.
- તુલસીકંઠી પહેર્યા વિના ન રહીએ.
- પૈસા માટે/પૈસા લઈને સેવા-કથા ન કરીએ.

૩૫. શ્રીમહાપ્રભુજી - શ્રીગુસાંઇજીનું સ્વરૂપ

- શ્રીમહાપ્રભુજી શ્રીઠાકોરજીમાં બિરાજતા શ્રીસ્વામિનીજીના સ્ત્રીગૂઢભાવ અને શ્રીસ્વામિનીજીમાં બિરાજતા શ્રીઠાકોરજીના ગૂઢપૂંભાવ - એમ બંને ભાવોનું મિશ્ર સ્વરૂપ છે.
- શ્રીમહાપ્રભુજી જેના પર કૃપા કરે, તેને જ બ્રહ્મસંબંધ થાય છે.
- શ્રીમહાપ્રભુજીની કૃપા વિના શ્રીઠાકોરજી મળતા નથી.
- નિત્યલીલામાં શ્રીમહાપ્રભુજી સાક્ષીભાવે અને પૃથ્વી પર ગુરુભાવે બિરાજે છે.
- શ્રીમહાપ્રભુજી ભગવદ્ મુખારવિંદ અગ્નિસ્વરૂપ છે.
- શ્રીગુસાંઇજી શ્રીનાથજી અને શ્રીચંદ્રાવલીજીના સ્ત્રી-પૂંભાવનું સ્વરૂપ છે.

- શ્રીગુસાંઈજીમાં સંયોગરસ પ્રકટ છે.
- શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી એક જ સ્વરૂપ છે. તેમનામાં ભેદ જોનાર બહિર્મુખ બને છે.
- શ્રીમહાપ્રભુજી વિપ્રયોગરસ અને શ્રીગુસાંઈજી સંયોગરસનું દાન કરે છે.

૩૬. ઐસો જીવન બની આવે

- જેમના ઘેર પ્રસાદ લઈએ, તેમના ઘેર કંઈક ટહેલ કરીએ, તો દાસભાવ રહે.
- સેવા ભય-પ્રીતી-પૂર્વક કરવી.
- શ્રોતા ભગવદ્વાર્તા સાંભળી ધારણ ન કરે તો વક્તાને શ્રાપ લાગે છે. શ્રીનાથજીને અત્યંત શ્રમ થાય છે.
- જે જીભને વશ થાય છે, તેનું અધઃપતન થાય છે.
- અધર્મ કરી દ્રવ્ય કમાવવું મહાપાપ છે.
- સેવા વિના પુષ્ટિમાર્ગમાં અંગીકાર નથી.
- સેવામાં નિત્ય નૂતન સામગ્રી-શૃંગાર ઉત્સાહપૂર્વક કરવા.
- કોઈપણ ઇન્દ્રિયોનો શ્રીઠાકોરજી સિવાય અન્ય વિનિયોગ ન કરાવવો.
- અન્યાશ્રય સમાન બીજો કોઈ અપરાધ નથી.
- જેમની આસક્તિ લૌકિકમાં હોય, તેમને નિત્યલીલાની પ્રાપ્તિ ન થાય.
- ભગવદ્સેવા વ્રજભક્તના ભાવથી કરવી.
- વૈષ્ણવ સિવાય બીજાની આગળ પોતાનો ધર્મ પ્રકટ કરવો નહીં.
- ભગવદીય દૂતીરૂપ છે. તેઓ પ્રસન્ન થાય, ત્યારે ભગવાન મળે.

૩૭. ઉપસંહાર

આપણે ગંભીરતાથી પ્રતિજ્ઞા કરીએ કે -

- હું વલ્લભીય વૈષ્ણવ છું. મને તેનો ગર્વ અને ગૌરવ છે.
- મારા વિચાર-વાણી-વર્તન શ્રીમહાપ્રભુજીના ઉપદેશ પ્રમાણે રહેશે. હું મનમાની નહિ કરું.
- મારાથી શ્રીમહાપ્રભજીની જેટલી આજ્ઞાઓ પળાશે, તેટલી પાળવાની પૂરી કોશિશ કરીશ. જે આજ્ઞાઓ નહીં પળાય, તેનું દુઃખ રાખીશ.
- પુષ્ટિમાર્ગને લાંછન લાગે, શ્રીમહાપ્રભુજી અપ્રસન્ન થાય તેવું કશું નહીં કરું.
- હું વાદવિવાદમાં, નિંદાસ્તુતિમાં નહીં પડું.
- હું સૌને માન આપીશ અને વંદન કરીશ.

૩૮. દૈનિક નિત્યક્રમ

- સવારે સૂર્યોદય પહેલાં ઊઠી જવું.
- ઉઠતાંની સાથે શ્રીઠાકોરજીનાં ચિત્રજીનાં દર્શન કરવાં. નિત્યસ્મરણના બે શ્લોક બોલી સ્મરણ કરવું.
- ઘરમાં નાનાં મોટાં સૌને સ્નેહથી જયશ્રીકૃષ્ણ કહેવાં.
- ખુલ્લામાં ચાલવા જવું. યોગાસનો કરવાં. પ્રાણાયામ અને સૂર્યનમસ્કાર કરવાં.
- સ્નાન કરી ધોયેલાં, શુદ્ધ વસ્ત્રો પહેરવાં.
- ચરણામૃત લઈ, તિલક કરવું.

- ઘરમાં શ્રીઠાકોરજીની યથાશક્ય સેવા કરવી.
- સ્તોત્રપાઠ કરવા. તેમાં મંગલાચરણ, શ્રીયમુનાષ્ટક, શ્રીસર્વોત્તમ સ્તોત્ર, શ્રીકૃષ્ણાશ્રય અવશ્ય કરવા. 'ષોડશ ગ્રંથ'ના પાઠ પણ અવશ્ય કરવા. અનુકૂળતા હોય તો ગીતા અને ભાગવતના એક-એક અધ્યાયનો પાઠ પણ કરવો.
- શ્રીઅષ્ટાક્ષરમંત્રની માળા યથાશક્તિ કરવી. અપરસ કરતા હોઈએ તો શ્રીપંચાક્ષરમંત્રની માળા પણ યથાશક્તિ કરવી.
- કમસે કમ સવારે એક કલાક સેવા-પાઠ-જપ માટે ફાળવવો.
- ભોગ ધરીને ન લેતા હોઈએ તો ખાનપાનની દરેક ચીજમાં ચરણામૃત અવશ્ય પધરાવીને જ લઈએ. બને ત્યાં સુધી બહારનું ખાનપાન ન કરીએ.
- ડુંગળી-લસણ ન ખાઈએ. ધૂમ્રપાન, તમાકુ જેવાં વ્યસન છોડીએ. નશીલાં પીણાં ન પીએ.
- રાતે ભોજન કરી સત્સંગ કરીએ. શિક્ષાપત્ર, ૮૪/૨૫૨ વૈષ્ણવની વાર્તા, ષોડશ ગ્રંથ, ભાગવત અવશ્ય વાંચીએ.
- પુષ્ટિમાર્ગીય પુસ્તકો-માસિકોનું વાચન કરીએ.
- શક્ય હોય તો ટી.વી. - સિનેમા ન જોઈએ.
- રાતે હાથપગ ધોઈ, ચરણામૃત લઈ, શ્રીઠાકોરજીનું સ્મરણ કરતાં સૂઈ જઈએ.

* * *